જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧, ૮૪૦૧૦ ૧૮૬૫૬

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । રવિવાર । તા. ૧૮-૧૧-૨૦૧૮ । વર્ષ : ૧૫ । પાના : ૦૪ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

રાજ્ય સરકારનો વધુ એક કિસાનલક્ષી નિર્ણય

ઓછો વરસાદ ધરાવતા વધુ ૪૫ તાલુકા ના ખેડુતો માટે સૌ પ્રથમ વાર ખાસ સહાય પેકેજ જાહેર કરતાં નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલ

અંદાજે ૨૦ લાખ થી વધુ ખેડુત ખાતેદારોને રૂપિયા એક હજાર ત્રણસો કરોડ થી વધુની સહાય ચુકવાશે

નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલે જણાવ્યુ છે. કે ખેડુતોના હિતને વરેલી રાજ્ય સરકારે આજે વધુ એક કિસાન લક્ષી નિર્ણય કર્યો છે. રાજ્ય માં ૨૫૦ થી ૪૦૦ મી.મી.નો વરસાદ થયો હોય તેવા ૪૫ તાલુકાના ખેડુતો માટે રૂ.૧૩૦૦ કરોડનું ખાસ સહાય પેકેજ જાહેર કર્યુ છે. જેમાં અંદાજે ૨૦ લાખ ખેડુત ખાતેદારોને આ સહાય નો લાભ મળશે.

નાયબ મુખ્યમંત્રી પટેલે ઉમેર્યુ કે ચાલુ વર્ષે રાજ્યમાં જે વિસ્તારોમાં ઓછો વરસાદ થયો છે. તેવા વિસ્તારના ખેડુતોને-પશુપાલકોને મદદરૂપ થવા માટે મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ ખાસ ધ્યાન કેન્દ્રીત કરીને અનેક વિધ કિસાન લક્ષી નિર્ણયો કર્યા છે. આ માટે મારી સાથે મહેસુલ મંત્રી કૌશિકભાઇ પટેલ, શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, સહીત મંત્રી મંડળની સબ કમિટીની રચના અછત માટે કરી છે. આમ અગાઉ રાજ્ય સરકારે ૫૧ તાલુકા અછતગ્રસ્ત જાહેર કર્યા હતા પરંતુ ઓછો વરસાદ ધરાવતા વિસ્તારના સાંસદસભ્યો, ધારાસભ્યો અને ખેડુત અગ્રણી દ્વારા મળેલ રજુઆતો ને ધ્યાને લઇ ને આ ૪૫ તાલુકાઓના ખેડુતો ને મદદરૂપ થવા માટે આ ખાસ સહાય પેકેજ જાહેર કર્યુ છે. અગાઉ ૨૫૦ મી.મી. થી ઓછો વરસાદ ધરાવતાં ૫૧ તાલુકાઓને અછતગ્રસ્ત જાહેર કરાયા છે તે તાલુકાના ખેડૂતોને રૂ.૫૧૦૦ કરોડ તથા હવે આ ખાસ પેકેજથી જાહેર કરાયેલા નવા ૪૫ તાલુકાઓના ખેડૂતોને રૂ.૧૩૦૦ કરોડ મળી કુલ ૯૬ તાલુકાના ખેડુતો-પશુપાલકો ને રૂ.૬૪૦૦ કરોડની સહાય ચુકવાશે.

નાયબ મુખ્યમંત્રી પટેલે ઉમેર્યુ કે રાજ્ય સરકાર દ્વારા આ ૪૫ તાલુકાઓ માટે જે સહાય પેકેજ જાહેર કર્યુ છે. તે અત્યાર સુધીના ઇતિહાસમાં સૌ પ્રથમ વાર જાહેર કરાયુ છે. જેનો સંપૂર્ણ ખર્ચ રાજ્ય સરકાર પોતાના ફંડ માંથી કરશે. આ પેકેજ અંતર્ગત ખેડુતો ને વધુમાં વધુ ૨ હેકટર દિઠ ઉચ્ચક સહાય ચુકવાશે. જેમાં ૨૫૦ થી ૩૦૦ મી.મી વરસાદ થયો હોય તેવા ૧૪ તાલુકાના ખેડુતોને હેકટર દીઠ રૂ.૬૩૦૦, ૩૦૦ થી ૩૫૦ મી.મી.વરસાર થયો હોય તેવા ૧૨ તાલુકાના ખેડુતોને હેકટર દીઠ રૂ.૫૮૦૦ તથા ૩૫૦ થી ૪૦૦ મી.મી.વરસાદ થયો હોય તેવા ૧૯ તાલુકાઓના ખેડુતોને હેકટર દીઠ રૂ.૫૩૦૦ ની ઉચ્ચક સહાય ચુકવામાં આવશે.

- **૨૫૦ થી ૩૦૦ મી.મી.વરસાદ ધરાવતા ૧૪ તાલુકાના ખેડુતોને હેકટર દીઠ રૂ.૬૩૦૦ની ઉચ્ચક સહાય**
- **૩૦૦ થી ૩૫૦ મી.મી.વરસાદ ધરાવતા ૧૨ તાલુકાના ખેડુતોને હેકટર દીઠ રૂ.૫૮૦૦ની ઉચ્ચક સહાય**
- **૩૫૦ થી ૪૦૦ મી.મી.વરસાદ ધરાવતા ૧૯ તાલુકાના ખેડુતોને હેકટર દીઠ રૂ.૫૩૦૦ની ઉચ્ચક સહાય**
- **રાજ્યના ૧૬ જિલ્લાના ૪૫ તાલુકાઓને તાલુકા દીઠ અંદાજે રૂ.૨૮ થી ૩૦ કરોડની સહાય ચુકવાશે**
- **અગાઉ અછતગ્રસ્ત જાહેર કરેલા ૫૧ તાલુકાઓને રૂ.૫૧૦૦ કરોડ તથા ૪૫ તાલુકાઓને ૧૩૦૦ કરોડ મળી કુલ ૯૬ તાલુકાઓમાં રૂ.૬૪૦૦ કરોડ ચુકવાશે**

પટેલે ઉમેર્યુ કે રાજ્યના અમદાવાદ જિલ્લાના ૬ તાલુકા, મોરબી જિલ્લાના ૨ તાલુકા, ગાંધીનગર જિલ્લાના ૩ તાલુકા, રાજકોટ જિલ્લાના ૬ તાલુકા, દેવ ભુમિદ્વારકા જિલ્લાનો ૧ તાલુકો, મહેસાણા જિલ્લાના ૫ તાલુકા, બનાસકાંઠા જિલ્લા ૪ તાલુકા, વડોદરા જિલ્લાના ૨ તાલુકા, અમરેલી જિલ્લાના ૩ તાલુકા, સુરેન્દ્રનગર જિલ્લાના૩ તાલુકા, ભાવનગર જિલ્લાના ૩ તાલુકા, બોટાદ જિલ્લાના ૩ તાલુકા અને પાટણ, જામનગર, ભરૂચ, મહિસાગર, માંથી એક-એક તાલુકાઓ નો સમાવેશ કરાયો છે. આ તાલુકાઓના ૨૦,૦૦૦ થી વધુ ખેડુત ખાતેદારોને આ પેકેજનો લાભ મળશે.

પટેલે ઉમેર્યુ કે અગાઉ રાજ્યના જે ૫૧ તાલુકાઓ અછતગ્રસ્ત જાહેર કરાયા છે. એમાં ભારત સરકારના ધારાધોરણ મુજબ ખેડુતોને સહાય આપવામાં આવશે તેમજ ખાસ ચારામાટે પશુદીઠ સહાય, ઢોર વાડા ઓને પણ સહાય તથા મનરેગા યોજના હેઠળ ૧૫૦ દીવસની રોજગારી પણ પૂરી પાડવામાં આવશે. આ અંગે રાજ્ય સરકારે તા.૩૦.૧૦.૨૦૧૮ ના રોજ જાહેરનામું પ્રસિધ્ધ કર્યું છે.

તમામ વ્યવસાયિક વાહનોમાં વ્હીકલ ટ્રેકિંગ ડિવાઈસ લગાવવાનું ફરજિયાત

જીએસટી ચોરી કરતાં ટ્રકને હવે 'ટ્રેકિંગ ડિવાઈસ' પકડી પાડશે

ન્યુ દિલ્હી

કેન્દ્ર સરકારે સડક પરિવહનમાં જીએસટી ચોરી પર રોક લગાવવા માટે તમામ વ્યવસાયિક વાહનોમાં વ્હીકલ ટ્રેકિંગ ડિવાઈસ લગાવવાનું ફરજિયાત બનાવી દીધું છે. આ ડિવાઈસની મદદથી સરકાર ટ્રકો ઉપર નજર રાખી શકશે અને જીએસટીમાં થનારા લીકેજને અટકાવવામાં મદદ મળશે. આ સાથે જ સરકારે સડક પરિવહન ક્ષેત્રને ગતિ આપવા માટે મોટર વાહન અધિનિયમમાં અનેક ફેરફારો કર્યા છે.

સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે નવેમ્બરના પ્રથમ સપ્તાહમાં મોટર વાહન અધિનિયમમાં અડધો ડઝન ફેરફાર કર્યા છે. તેમાં મુખ્ય રીતે તમામ ટ્રકોમાં વ્હીકલ ટ્રેકિંગ ડિવાઈસને અનિવાર્ય કરી દીધી છે. આ હેઠળ ટ્રાફિક વિભાગના અધિકારી નવેમ્બર માસમાં ડિવાઈસ વગર સડક પર દોડતાં વાહનોનું ચલણ કાપી શકશે.

ટ્રેકિંગ ડિવાઈસથી સરકાર વાહનમાલિક દ્વારા અપાયેલો જીએસટી જાણી શકશે કે તેમાં ગરબડ તો નથી કરવામાં આવી ને એટલે કે ઓછા રાજ્યોને ટેક્સ ભરીને વધુ રાજ્યોનો ચક્કર તો લગાવવામાં નથી આવી રહ્યા ને તે જાણી શકશે. આ ઉપરાંત નવા નિયમમાં નવેમ્બર માસથી ખુલ્લા ટ્રકમાં માલ વહન પર પ્રતિબંધ લગાવી દેવામાં વ્યો છે. આવા વાહનોનું હવેથી ચલણ કપાશે. વાહન બનાવતી કંપનીઓએ બંધ બોડીવાળા ટ્રક જ બનાવવાના રહેશે.

પરિવહન ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે મોટર વાહન અધિનિયમમાં ફેરફાર કરતાં આઠ વર્ષ જૂના ટ્રકને દર વર્ષે ફિટનેસ ટેસ્ટ કરાવવાથી છૂટ આપવામાં આવામાં આવી છે. આવામાં વાહનોને હવે બે વર્ષમાં એક વખત ફિટનેસ ટેસ્ટ કરાવવાનો રહેશે. નવા ટ્રકના રજિસ્ટ્રેશનમાં પણ ફિટનેસ ટેસ્ટ કરાવવા પર છૂટ આપવામાં આવી છે.

વિજય માલ્યાના પ્રત્યાર્પણ માટેનો માર્ગ બની રહ્યો છે મોકળો

નવી દિલ્હી

બ્રિટેનની એક કોર્ટનો નિર્ણય ભાગેડુ ઉદ્યોગપતિ વિજય માલ્યાના ભારત પ્રત્યાર્પણ સંદર્ભે મહત્વપૂર્ણ હોઈ શકે છે. લંડનની કોર્ટે તિહાડ જેલને સુરક્ષિત ગણાવતા કહ્યુ કે, અહીં ભારતીય ભાગેડુનુ પ્રત્યાર્પણ કરી શકાય છે. ક્રિકેટ ફિક્સિંગના આરોપી સંજીવ ચાવલાના કેસમાં આવેલ આ નિર્ણય બેંક સાથે છેતરપીંડી કરીને ભારતથી લંડન ભાગી ગયેલ વિજય માલ્યાના પ્રત્યાર્પણના સંદર્ભે જોતા મહત્વપૂર્ણ છે. લંડન હાઈકોર્ટના જસ્ટિસ લેગાટ અને જસ્ટિસ ડિંગેમેન્સે આપેલ પોતાના નિર્ણયમાં જણાવ્યુ કે, તિહાડમાં ભારતીય મૂળના બ્રિટિશ નાગરીક સંજીવ ચાવલા માટે કોઈ ખતરો નથી. સંજીવ ચાવલા પર આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચોમાં ફિક્સિંગનો આરોપ છે. આ હેન્સી ક્રોન્યા મેચ ફિક્સિંગનો મામલો છે, જેમાં ભારતીય ક્રિકેટરો અજય જાડેજા અને મોહમ્મદ અઝહરુદ્દીન પર પણ આરોપ લાગ્યા હતા. ભારત તરફથી ચાવલાની સારવારનો વિશ્વાસ આપવામાં આવ્યા બાદ લંડન હાઈકોર્ટે આ વાત કહી છે. લંડન હાઈકોર્ટના આ મહત્વપૂર્ણ નિર્ણયની અસર હવે ભાગેડુ આરોપી વિજય માલ્યાના કેસ પર પણ પડશે. આ પાછળનુ કારણ એ છે કે માલ્યા વારંવાર ભારતની જેલોને અસુરક્ષિત બતાવતો રહ્યો છે, એવામાં હવે બ્રિટિશ કોર્ટ તરફથી તેના પ્રત્યાર્પણની મંજુરી મળી શકે છે.

ઈપીએફઓ ખાતાધારકો આનંદો : ખરીદી શકશે ઘરનું ઘર

ન્યુ દિલ્હી

એમ્પ્લોઈઝ પ્રોવિડેન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશન (ઈપીએફઓ)ના ખાતાધારકો માટે ખુશખબર છે. ઈપીએફઓએ ખાતાધારકો માટે હાઉસિંગ સ્કીમનો ડ્રાફ્ટ તૈયાર કરી લીધો છે. આ ડ્રાફ્ટને સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટી (સીબીટી)ની ડિસેમ્બરમાં મળનારી બેઠકમાં રજૂ કરવામાં આવશે. ત્યાંથી મંજૂરી મળ્યા બાદ ઈપીએફઓ મેમ્બર્સ માટે હાઉસિંગ પ્રોજેક્ટ પર કામ શરૂ કરવામાં આવશે.

એવી સંભાવના છે કે લોકસભા ચૂંટણી પહેલાં આ હાઉસિંગ પ્રોજેક્ટ યોજનાને લોન્ચ કરવામાં આવશે. ઈપીએફઓના સભ્ય વિરજેશ ઉપાધ્યાયે જણાવ્યું કે ઈપીએફઓએ પોતાના મેમ્બર્સ માટે હાઉસિંગ સ્કીમને સસ્તા ભાવે ઉપલબ્ધ કરાવવા માગે છે. જો કે આ સ્કીમમાં અમુક શરતો પણ આવરી લેવાશે.

ઈપીએફઓના ડ્રાફ્ટ અનુસાર નેશનલ હાઉસિંગ એસોસિએશન બનાવવામાં આવશે. આ તમામ રાજ્યોમાં જમીન સંપાદનનું કામ કરશે જેના ઉપર હાઉસિંગ પ્રોજેક્ટ બનશે. રાજ્યોમાં જમીનની ખરીદારી સસ્તા ભાવે કરવામાં આવશે. ત્યારબાદ બિલ્ડર્સ કંપનીઓ સાથે વાત થશે જે હાઉસિંગ પ્રોજેક્ટનું નિર્માણ કરશે. ઈપીએફઓ ઘર ખરીદવા માટે લોન પણ આપશે પરંતુ તેમાં અમુક શરતો રાખવામાં આવશે. સૌથી મહત્ત્વની વાત એ છે કે નફો કમાવવાની બિલકુલ કોશિશ કરવામાં નહી આવે અને જેટલો ખર્ચ થશે તેના અનુસાર જ મકાનની કિંમત નક્કી કરવામાં આવશે.

ઈપીએફઓના એવા મેમ્બર્સ જ સ્કીમ હેઠળ મકાન લઈ શકશે જેની પાસે પોતાનું મકાન નથી એટલે જેમણે પોતાના નામે હજુ સુધી એક પણ મકાન ખરીદ્યું નથી. આ માટે ઈપીએફઓ સભ્યનું એકાઉન્ટ કમ સે કમ ત્રણ વર્ષ જૂનું હોવું જોઈએ.

ભાજપના જુઠ્ઠાણાની પોલ ખુલી,શંકરસિંહની ભલામણથી જ એરપોર્ટ સાથે સરદાર પટેલનું નામ જોડાયું હતું

ગાંધીનગર

અમદાવાદ એરપોર્ટના સરદાર પટેલ નામકરણ ને લઈને તે વખતના રાજપાના મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ તે સમયની નામકરણની તકતીનો ફોટો જાહેર કરીને સણ્ણડ પુરાવો ભાજપના માથે છૂટો ઘા કરીને માર્યો છે. તેમણે પુરાવા સાથે જણાવ્યું કે અમદાવાદ એરપોર્ટ નું સરદાર પટેલ નામકરણ ૭-૧૨-૧૯૯૮ ના રોજ થયું હતું. ભાજપને ઈશારે એરપોર્ટ ઓથોરીટીએ એ નામકરણની તકતી અને અવશેષ મિટાવી દેવાનો પ્રયાસ કર્યો છે. અમદાવાદ એરપોર્ટ નું સરદાર પટેલ નામકરણ ભાજપના શાસનમાં થયું હતું તે ભાજપનું અને મોદી સરકાર નું ટાઢા પહોરનું ગપ્પું હતું તે પુરવાર થાય છે. શંકરસિંહ વાઘેલાએ આ તસ્વીર ટ્વીટર પર મુકીને ભાજપને ખુલ્લો પડકાર ફેંક્યો હતો.

છેલ્લા કેટલાક દિવસથી ભાજપ દ્વારા એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે અમદાવાદ એરપોર્ટ ના નામ સાથે લોખંડી પુરુષ સરદાર પટેલ સાહેબનું નામકરણ ભાજપની સરકારમાં થયું હતું. વાઘેલાએ ૭-૧૨-૧૯૯૮



ના રોજની એક તસ્વીર જાહેર કરીને કહ્યું કે સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટર નેસનલ એરપોર્ટ ના નામકરણ નું સુચન તેઓ જ્યારે સીએમ હતા ત્યારે કર્યું હતું. ગુજરાતના સીએમ તરીકે તેમણે તે વખતે વડાપ્રધાન એચ.ડી. દેવગોવડા ને વિનંતી કરતા તેઓ ૭ ડીસે.૧૯૯૮ ના રોજ ગુજરાત પધાર્યા હતા અને તકતી નું નામકરણ કર્યું હતું. તેનો સણ્ણડ પુરાવો આ ફોટો છે. વાઘેલાએ જણાવ્યુંકે તેઓ આ ખુલાસો એટલા માટે કરી રહ્યા છે કે કેમ કે ભાજપ દ્વારા સંકુચિત માનસિકતાને કારણે ઈતિહાસ ની સાથે ચેડાં કરવામાં આવી રહ્યા છે. ભાજપે જુઠ્ઠાણું ચલાવ્યું છે કે કેશુભાઈ પટેલ સીએમ અને અટલજી વડાપ્રધાન હતા ત્યારે એરપોર્ટ નું નામકરણ સરદારના નામે થયું હતું. પરંતુ આ ફોટો એ વાત નો સણ્ણડ પુરાવો છે કે ભાજપનો દાવો સાવ ખોટો અને પોકળ છે. તેમણે એમ પણ કહ્યું કે આ સરકારે રાજ્યસભામાં પણ આ વિષય ની ખોટી માહિતી મૂકી છે. એરપોર્ટ પર આ તકતી ક્યા છે અને તેને સાચવવા ની જવાબદારી એરપોર્ટ ઓથોરીટી ની છે. ઓથોરીટી આ તકતી શોધી કાઢીને જાહેર જનતાની જાણકારી માટે મુકે. દરમ્યાનમાં વાઘેલાએ ટ્વીટર દ્વારા પણ તે સમયનો ફોટો મુકીને ભાજપને સીધો પડકાર ફેંક્યો છે. એક રીતે જોતા વાઘેલાબાપુ એ ભાજપ સામે તલવાર ખેંચી છે.

નોકર બની પ્રથમ દિવસે જ ઘરમાં ચોરી કરનાર રીઢા ચોરને પોલીસે ઝડપી પાડ્યો

સુરત પોલીસે લાખોના મુદ્દામાલ સાથે ચોરને પકડી છ ગુનાના ભેદ ઉકેલી નાંખ્યા



સુરત

સુરત રેલવે સ્ટેશન ગુડ્સ યાર્ડ પાસેથી પસાર થઈ રહેલા એક રાજસ્થાની યુવકની શંકાસ્પદ હિલચાલ જોવા મળતાં પોલીસે તેને આંતરીને પૂછપરછ કરતા તેણે ખટોદરા સીટીલાઈટ રોડના સ્વીમ પેલેસ ખાતે રહેતા એક વ્યક્તિના ઘરમાંથી સોના ચાંદીના દાગીના લઈ ફરાર થઈ ગયો હોવાની કબુલાત કરતા પોલીસે ધરપકડ કરી હતી. ત્યારબાદ એસીપી ઈ ડીવીઝને આરોપીનો કબજો ખટોદરા પોલીસને સોંપતા પોલીસે તપાસ શરૂ કરી હતી.

મૂળ રાજસ્થાન જોધપુર જિલ્લાના વતની અને હાલ સીટીલાઈટ સૂર્ય પ્રકાશ એપાર્ટમેન્ટ ખાતે રહી રસોઈ કામ કરતાં જયંતિલાલ ઉર્ફે કમલેશ યાદવે ગત તા.૨૪-૧૦-૨૦૧૮ના રોજ સ્વીમ પેલેસ ખાતે આવેલા એક ફ્લેટમાં વાસ્તુપૂજન દરમ્યાન સોના ચાંદીના દાગીનાની ચોરી કરી ફરાર થઈ ગયો હતો. એસીપી પોલીસે તેની ધરપકડ કરી ખટોદરા પોલીસને સુપરત કર્યો હતો. આ આરોપીએ ઉમરા પોલીસ મથકના વિસ્તારમાં ૫ અને મહિદરપુરા પોલીસ મથકના વિસ્તારમાં ૧ ચોરી કરી હતી. આરોપી રાજસ્થાની છે અને તે રાજસ્થાની વેપારીને ત્યાં કોઈપણ પ્રસંગ હોય.

પત્નીએ તલાકની માગણી કરતા પતિએ ચપ્પુ હુમલાવી દીધું

સંતાન નહીં થતા ઝઘડામાં પત્નીએ તલાકની માંગણી કરતા પતિ ઉશ્કેરાયો

સુરત

તલાક માગનાર પત્નિને પતિએ ઢીક-મુક્કીનો માર મારવાની ચપ્પુની ઈજા પહોંચાડ્યાનો બનાવ લીંબાયત વિસ્તારમાં બન્યો હતો.

લીંબાયત પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ શાહપુરા મદીના આપા કરિયાણા સ્ટોરની સામે રહેતા શબીનાબીબી અસ્ફાક શેખે આરોપી પતિ અસ્ફાક મુકતાર શેખ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ ફરિયાદીને લગ્નજીવન દરમિયાન સંતાન ન હોય, જે બાબતે પતિ-પત્ની વચ્ચે ઝઘડો થતો હતો પતિના ત્રાસથી કંટાળેલી ફરિયાદી પત્નિએ તલાક લેવાનું જણાવતા પતિએ ઉશ્કેરાઈ જઈ પત્નિને ઢીક-મુક્કીનો માર મારી ચપ્પુથી હુમલો કરી ઈજા પહોંચાડી હતી અને તલાકની વાત કરશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે લીંબાયત પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

નારાયણ સાંઈને છાતીમાં દુ:ખાવો ઉપડતા સિવિલ હોસ્પિટલમાં સારવાર



ઈસીજી, સોનોગ્રાફી અને એક્સરે રિપોર્ટ નોર્મલ આવતા ફરી નારાયણ સાંઈ જેલના હવાલે

સુરત

શહેરની પીડિત સાથે બળાત્કાર ગુજારવાના એક કિસ્સામાં છેલ્લા ૫૦થી વધુ મહિનાથી લાજપોર જેલમાં બંધ નારાયણ સાંઈની છાતીમાં અચાનક દુ:ખાવો ઉપડતા તેને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યા હતા. જ્યાં તેનો એકસરે સોનોગ્રાફી તથા ઈસીજી રિપોર્ટ કઢાવવામાં આવ્યો હતો. રિપોર્ટ નોર્મલ આપતા નારાયણ સાંઈ ઉર્ફે મોટા ભગવાનને ફરી લાજપોર જેલ ખાતે મોકલી આપવામાં આવ્યા હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

જાણવા મળેલી વિગતો અનુસાર, ૬ ઓક્ટોબર-૨૦૧૩ના રોજ જહાંગીરપુરા પોલીસ મથકમાં શહેરની પીડિતાએ નારાયણ સાંઈ ઉર્ફે મોટા ભગવાન સામે બળાત્કારની ફરિયાદ નોંધાવી હતી. છેલ્લા ૫૦ થી વધુ મહિનાઓથી લાજપોર જેલમાં બંધ નારાયણ સાંઈને છેલ્લા બે દિવસથી છાતીમાં દુ:ખાવો થતો હતો, પરંતુ આજે સવારે પોણા પાંચ વાગ્યાના સુમારે મોટા ભગવાનને અચાનક છાતીમાં દુ:ખાવો ઉપડતા સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સવારે ૧૧ કલાકે તેને સિવિલ હોસ્પિટલમાં લવાયા બાદ જુદા-જુદા વિભાગોમાં લઈ જઈ એક્સરે, સોનોગ્રાફી તથા ઈસીજીનો રિપોર્ટ પણ કાઢવામાં આવ્યો હતો. તમામ રિપોર્ટો નોર્મલ આવ્યા હોવાનું જાણવા મળતા તેને લાજપોર જેલમાં મોકલી આપવામાં આવ્યો હતો.

ડાયમંડ અને એસ્ટેટના ધંધાના બહાને ટોળકી દ્વારા રૂા. ૪૦.૩૫ લાખની ઠગાઈ

મીહલા સહિતની ઠગ ટોળકી વિરુદ્ધ હજીરા પોલીસમાં ગુનો દાખલ

સુરત

ડાયમંડ જવેલરી અને એસ્ટેટના ધંધો કરવાની લાલચ-આપી રૂપિયા ૪૦.૩૫ લાખની ઠગાઈ કરનાર મહિલા સહિતની ટોળકી સામે હજીરા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

હજીરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ હજીરા રોડ નંદ નિકેતન ટાઉનશિપમાં રહેતા નંદલાલ પ્રેમચંદ ગોયલે આરોપી મેનેજર-શરીન, શિવાની, લવીના, સીમા ભાર્ગવ, આરાધ્યા ૧૯ બેન્ક એકાઉન્ટ ધારકો સુનીતા, હરિશ અરોરી, એહમદ ઉલ્લા, અમિત કોહલી, અનિતા, અરૂણ સિંગ, કુલદીપસિંગ, નરેન્દ્ર શર્મા, નવી દલાલ, નીશુઅબા રોય, રાહુલ શર્મા, સંજીવકુમાર, રાજુશર્મા, રામચંદ્ર શર્મા, એસોસીએટ, સુનિતા હરિશ, સુરેશ શર્મા, વીકી સિંગ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીઓએ ફરિયાદીનો વિશ્વાસ કેળવી ડાયમંડ જ્વેલરી, એસ્ટેટ બિઝનેસ કરવાની લાલચ આપી જુદા-જુદા બેન્ક ધારકોના એકાઉન્ટમાં રૂપિયા ૪૦,૩૫,૬૫૬ની રકમ મેળવ્યા બાદ આરોપીઓએ નફાનો ભાગ અથવા મૂળ રકમ પરત નહીં કરી વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી. બનાવ અંગે હજીરા પોલીસે ફરિયાદ નોંધી પો.ઈ. ડી.એસ. બારોટે તપાસ હાથ ધરી છે.

શહેરમાં જુદા-જુદા બે સ્થળેથી રૂા. ૧.૩૨ લાખની મતાની ચોરી

સુરત

શહેરમાં ચોરીના બનેલા બે બનાવમાં રૂપિયા ૧.૩૨ લાખની મતા ચોરાઈ હતી. આ અંગે શહેરના જુદા જુદા બે પોલીસ મથકમ) ફરિયાદો નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી છે. ઉધના બીઆરસી હરિનગર-૩ પાસે શક્તિનગર ઝૂંપડપટ્ટી ઘર નં. ૧૨માંથી તસ્કરો રોકડા, સોના-ચાંદીના દાગીના મળી કુલ્લે રૂા. ૪૨,૭૫૦ની મતા ચોરી કરી ગયા હતા. બનાવ સંદર્ભે મીરાબેન વિજયભાઈ બાળસકરે ઉધના પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. કતારગામ નવી જીઆઈડીસી આવેલ કારખાનામાંથી ત્રણ ચોર યુવકો એ ૪૭ નંગ ડીવાઈસ, ૪૭ નગ કાર્ડ, ૨ નંગ માસ્ટર કાર્ડ મળી કુલ્લે રૂા. ૯૦,૦૦૦ની મતા ચોરી કરી ગયા હતા. કારખાના માલિક કેતનકુમાર કાનજીભાઈ ભદ્રેશિયા કતારગામ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

ભાગેડુ આરોપી અબ્દુલ રહેતુલ્લા બિસ્વાસને હાજર થવાનું ફરમાન

સુરત

અમરોલી પોલીસ સ્ટેશનમાં પોકસો એક્ટ હેઠળ નોંધાયેલા ગુનામાં ફરાર ૪૫ વર્ષીય આરોપી અબ્દુલ રહેમાન રેહતુલ્લા બિસ્વાસ(રહે. ભરથાણા ગામ, શ્યામસિંહના ઘરમાં, ખોડીયારનગર, અમરોલી, સુરત) મૂળ ગામ:- ઉત્તરપેકેડાંગા, ઘાછા, અખરપુર, બસીરહાટ, ૨૪ પરગણાસ, પશ્ચિમ બંગાળને બિનજામીનપાત્ર વોરંટ વગર બજયા વિના પરત આવ્યું હોવાથી નામદાર કોર્ટ દ્વારા જાહેરનામું બહાર પાડી પોતાની અટકાયત ટાળવા નાસતા-ફરતા આરોપી અબ્દુલ રહેમાનને તા.૨૪/૧૨/૨૦૧૮ના રોજ રૂમ નં.૨૧૫, બીજો માળ, નવી કોર્ટ બિલ્ડીંગ, અઠવાલાઈન્સ, સુરત ખાતે હાજર થવાનું ફરમાન કરવામાં આવ્યું છે એમ અમરોલી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટરશ્રીની યાદીમાં જણાવાયુ છે.

ભિલાડ ફાયરિંગ બટ વિસ્તારમાં પ્રવેશ ઉપર પ્રતિબંધ લાગુ કરાયો

વલસાડ

વલસાડ જિલ્લાના ભિલાડ ફાયરિંગ બટ વિસ્તારમાં, વલસાડના પોલીસ અધિકારીઓ તથા કર્મચારીઓની વાર્ષિક ફાયરીંગ પ્રેક્ટિસ જુલાઇ માસની તારીખ ૧૬/૧૧/૨૦૧૮ થી તા.૧૧/૧૨/૨૦૧૮ના રોજ સવારે ૭-૦૦ થી સાંજના ૬-૦૦ કલાક સુધી યોજાશે. આ ફાયરિંગ પ્રેક્ટિસ દરમિયાન કોઇપણ વ્યક્તિને ઇજા ન થાય તે હેતુસર વલસાડના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી કે.જે.બોડરે એક જાહેરનામા દ્વારા ફાયરિંગ બટ ભીલાડ તા.ઉમરગામ જિ.વલસાડના ૨ કિ.મી. વિસ્તારમાં ઉપરોકત સમય અને તારીખે આજુબાજુના રહીશો તેમજ બહારના કોઇ અનઅધિકૃત વ્યકિતઓને આ વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ કોઇપણ ઢોર માલિકો તેમના ઢોર-ઢાંખરને લઈને પ્રવેશ કરવા ઉપર મનાઈ ફરમાવી છે. ગોળીબાર પ્રેક્ટિસ દરમિયાન ગોળીબારથી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા પણ જણાવાયું છે. આ હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર બનશે.

કામરેજ હાઈવે પર ટ્રકમાંથી જીન્સ કાપડના રૂા.૨૩ લાખના રોલ ચોરાયા

મહુવાના ઘરમાંથી રૂા.૧.૫૫ લાખની ચોરી

સુરત

મહુવાના બામણીયા ગામે તસ્કરોએ તરખાટ મચાવ્યો હતો. નવાગામ ઉદ્યોગનગર પાસે ટ્રકમાંથી રૂા.૨૩ લાખની કિંમતના જીન્સ કાપડના રોલ ચોરાયા હતા.

પ્રથમ બનાવમાં મહુવા બામણીયા ગામ રોડ ફળીયામાં રહેતાં અલ્પેશભાઈ ઉત્તમભાઈ પટેલના ઘરમાં ત્રાટકી અજાણ્યા તસ્કરો રોકડા રૂા.૧૧૦૦૦ સોના ચાંદીના દાગીના તેમજ પડોશી ભીખુભાઈ રવજીભાઈ પટેલે સાચવવા આપેલા દાગીના મળી કુલ રૂા.૧.૫૫ લાખની મતા ચોરી કરી ગયા હતા. મહુવા પોલીસે અલ્પેશ ઉત્તમભાઈની ફરિયાદ નોંધી હતી. જ્યારે મુંબઈ અમદાવાદ હાઈવે નવાગામ ઉદ્યોગનગર પાસે રાજસ્થાન નાગરનો ટ્રક ડ્રાઈવર ઈશ્વરસિંહ ધીરસિંહ રાજપુત ટ્રક પાર્ક કરીને ઊંઘી ગયો હતો. સવારે છ કલાકે ડ્રાઈવરે ઉઠીને જોતા અજાણ્યા તસ્કરોએ ટ્રકની તાડપત્રી કાપી નુકસાન કરી ડેનીમ જીન્સ કાપડના રોલ કિંમત રૂા.૨૩ લાખના ચોરી કરી નાસી ગયા હતા. કામરેજ પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

ડ્રોન ચલાવવા માટે લાઈસન્સ તેમજ ગૃહ મંત્રાલય પાસેથી મંજુરી પણ લેવી પડશે

હવે ડ્રોન ઉડાવવા માટે લેવી પડશે ટ્રેનિંગ, બન્યાં કડક નિયમ

ન્યુ દિલ્હી

જો તમે ડ્રોન ઉડાવવાની ઈચ્છા રાખો છો તો જરા સંભાળજો કેમકે તેને ચલાવવા માટે તમારે લાઈસન્સ લેવું પડશે. માત્ર એટલું જ નહિં તમારે એના માટે ગૃહ મંત્રાલય પાસેથી મંજુરી લેવાની સાથે તાલીમ પણ લેવી પડશે. નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશન(ડીજીસીએ)એ ડ્રોન વિમાનો માટે કડક અને ખાસ નિયમો બનાવ્યા છે. આ નિયમો દ્વારા રિમોટલી પાયલટ એરક્રાફ્ટ સિસ્ટમ (આરપીએએસ) નું નિરીક્ષણ કરવામાં આવશે.

૨ કિલોથી વધુનાં ડ્રોન ઉડાવનારા લોકોને લાઈસન્સ લેવા માટે ૨૫ હજાર રૂપિયા આપવા પડશે. તેમજ લાઈસન્સ રિન્યુ કરાવવા માટે ૧૦ હજાર રૂપિયા આપવા પડશે. આ ડ્રોન્સ ચલાવતા વ્યક્તિને ડીજીસીએ-માન્ય ઉડ્ડયન તાલીમ સંસ્થા પાસેથી ઔપચારિક તાલીમ પ્રાપ્ત કરવી પડશે. દેશની સલામતીને ધ્યાનમાં રાખીને ડીજીસીએએ આ નિયમ બનાવ્યો છે.

સુરક્ષા એજન્સીઓ સિવાય અન્ય ડ્રોન્સ ચલાવતા લોકોએ પ્રથમ યુનિક આઈડેન્ટિફિકેશન નંબર(યુઆઈએન) લેવો પડશે. ડીજીસીએએ આરપીએએસને પાંચ વર્ગોમાં વહેંચી દીધાં છે. નેનો - ૨૫૦ ગ્રામ (મોટાભાગે રમકડાં તરીકે ઉપયોગમાં લેવાય છે), માઈક્રો -૫૦ ગ્રામ થી ૨ કિલો, નાના -૨ થી ૨૫ કિલો, મધ્યમ -૨૫ થી ૧૫૦ કિલો અને મોટા-૧૫૦ કિલોથી ઉપરનાં આધારે વહેંચવામાં આવ્યા છે.

ડીજીસીએના ચીફ બીએસ ભુલ્લારે જણાવ્યું હતું કે, ×આયાત કરાયેલા આરપીએએસને ડીજીસીએ પાસેથી આયાતની મંજૂરી સાથે વિદેશ વેપાર નિયામક મંડળમાંથી આયાત લાઈસન્સ લેવું પણ જરૂરી છે, ત્યારબાદ યુઆઈએન માટે અરજી કરવી પડશે. જે લોકો આ ડ્રોન ચલાવવા માગે છે તેમની ઉંમર ૧૮ વર્ષથી ઉપર હોવી જરૂરી છે તેમજ તે ધોરણ ૧૦માં અંગ્રેજી વિષયમાં પાસ હોવો જોઈએ અથવા તેમને કેન્દ્રિય ગૃહમંત્રાલય તરફથી સલામતીની મંજૂરી લેવી પડશે અથવા ત્રણમાંથી બે ઓળખપત્ર (પાસપોર્ટ, ડ્રાઈવિંગ લાઈસન્સ અને આધાર કાર્ડ) ની સ્વતઃ પ્રમાણપત્રની નકલ કરાવીને જમા કરાવવી પડશે.

ગુજરાત સરકારના મંત્રી વાસણ આહિરના નામે લાખોની ઠગાઈ

રાજ્યકક્ષાના મંત્રી વાસણભાઈ આહિરના નામે કોઈ ગઠીયાએ તેમના જ સબંધીઓની છેતરપિંડી કરીને લાખો રુપિયાનો ચુનો લગાવતા ચક્ચાર મચી ગઈ છે. મળતી વિગતો પ્રમાણે ગઠિયાઓએ જે નંબર પરથી વાસણભાઈ આહિરના સબંધીઓને ફોન કર્યા હતા તે નંબર પર ટ્રુ કોલરમાં જઈને વાસણ આહિર નામ લખી દીધુ હતુ અને એ પછી ફોન કર્યા હતા. ફોન પર નજીકના સગાને અકસ્માત થયોછે તેમ કહીને વાસણભાઈ આહિરના નામેસબંધીઓ પાસેબેંક એકાઉન્ટમાં પૈસા ટ્રાન્સફર કરાવ્યા હતા.

અંકલેશ્વરમાં હાઈવે પર કાર અકસ્માતમાં બે મુસ્લિમ ધર્મગુરુઓના કરૂણ મોત

હાઈવે પર નર્મદા ગેટ હોટલ પાસે મોડી રાત્રે ગંભીર વાહન અકસ્માત સર્જાયા

સુરત

અંકલેશ્વર હાઈવે પર શુક્રવારની મોડી રાત્રિએ નર્મદા ગેટ હોટલ પાસે કોઈ અજાણ્યા વાહનની પાછળ ધસમસતી કાર ભટકાતા બે મુસ્લિમ ધર્મગુરૂઓના ઘટના સ્થળે જ કરૂણ મોત નીપજ્યા હતાં.

પ્રાપ્ત વિગત અનુસાર અંકલેશ્વર મદરેસા હઝરત મૌલાના મુસા માંકરોડ પુત્ર મૌલાના ઈસ્માઈલ માંકરોડ તથા અન્ય ધર્મગુરૂ મૌલાના આસિફ આછોડ મદરેસના કામ માટે રાજસ્થાન ગયા હતાં તેઓ શુક્રવારની મોડી રાત્રે રાજસ્થાનથી પરત આવી રહ્યા હતાં ત્યારે અંકલેશ્વર હાઈવે પર હોટલ નર્મદા ગેટ પાસે તેમની ધસમસતી કાર નંબર જીજે-૧૬-બીએ ન-૪૪૨૮ આગળના કોઈક અજાણ્યા વાહન સાથે ધડાકાભેર અથડાઈ હતી. અથડામણ એટલી જોરદાર હતી કે આખું બોનેટ પાછળ સુધી આવી પહોંચ્યું હતું. આ કમકમાટી ભર્યાં અકસ્માતમાં બંને ધર્મગુરૂઓના ઘટના સ્થળે જ મોત નીપજયા હતાં. બનાવની જાણ કરાતાં અંકલેશ્વર શહેર પોલીસનો કાફલો ઘટના સ્થળ દોડી ગયો હતો. ગાડીના પતરા કાપીને બેથ મૃતદેહો બહાર કઢાયા હતાં શહેર પોલીસે બનાવની વધુ તપાસ હાથ ધરી છે.દરમિયાન મદરેસાના કામ અર્થે ગયેલા બે ધર્મગુરૂઓના મૃત્યુની ઘટનાથી જિલ્લાભરમાં શોકની લાગણી ફેલાઈ જવા પામી છે.

ભરૂચ નેશનલ હાઈવે પર નબીપુર અને પાલેજ નજીકથી શંકાસ્પદ પાન, મસાલા, તમાકુ તથા બીડીનો જથ્થો ઝડપાયો





ભરૂચ એલ.સી.બી.ની ટીમને આ જથ્થો પકડવામાં સફળતા મળી

પોલીસ મહાનિરીક્ષક અભય ચુડાસમા સાહેબ વડોદરા રેન્જ વડોદરા તથા ભરૂચ જીલ્લાના પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા એ જીલ્લામા બનતા ગુનાઓ અટકાવવા તેમજ શોધી કાઢવા માટે એ લ.સી.બી.ભરૂચના ઈન્ચાર્જ પોલીસ ઈન્સપેક્ટર પી.એન.પટેલને માર્ગદર્શન તથા સુચના મુજબ એલ.સી.બી. ભરૂચના પો.સ.ઈ. કે.જે.ધ્રુક તથા પો.સ.ઈ. વાય.જી.ગઢવી નાઓ સ્ટાફના માણસો સાથે અલગ અલગ ટીમો બનાવી પેટ્રોલિંગમાં હતા દરમ્યાન ભરૂચ ને.હા.નં ૪૮ ઉપર નબીપુર નજીક આવેલ પ્રિન્સ હોટલ તથા પાલેજ નજીક આવેલ પંચવટી હોટલની બહાર આવેલ પાન મસાલા તથા કટલરી સામાનની દુકાનોમાં પાન મસાલા, બીડી,તમાકુંનો શંકાસ્પદ જથ્થો સંતાડી રાખેલ હોવાની બાતમીના આધારે તપાસ કરતા નબીપુર બ્રીજ નજીક આવેલ પ્રિન્સ હોટલ કંપાઉન્ડમાં આવેલ દુકાનના સંચાલક (૧) મહેન્દ્રકુમાર પ્રતાપરામ રાવલ હાલ રહે. પ્રિન્સ હોટલ તા.જી.ભરૂચ મુળ રહે. પાલી રાજસ્થાન તથા (૨) મોહમંદ અબ્દુલા ઉર્ફે લક્ષમણકુમાર રમેશકુમાર પ્રજાપતિ હાલ રહે. પ્રિન્સ હોટલ નબીપુર તા.જી.ભરૂચ મુળ રહે. પાલી રાજસ્થાનાઓના કબ્જામાંથી શંકાસ્પદ વિમલ પાન મસાલા તથા અલગ અલગ બનાવટની બીડીનો કુલ જથ્થો કિં રૂ ૧૫,૬૦૦/- નો બીલ આધાર પુરાવા વગરનો શંકાસ્પદ મળી આવતા કાયદેસર કાર્યવાહી કરી કબ્જે કરવામાં આવેલ છે. અને બંને ઈસમોની વધુ તપાસ અર્થે અટકાયત કરવામાં આવેલ છે.

જયારે પાલેજ નજીક આવેલ પંચવટી હોટલ કંપાઉન્ડમાં આવેલ દુકાનના સંચાલક (૧) મુજીબ સિદ્દીક વ્હોરા હાલ રહે. પંચવટી હોટલ પાલેજ તા.જી.ભરૂચ મુળ રહે. સીંજીવાડા તા.માતર જી.ખેડા તથા (૨) નીતીનકુમાર પ્રવીણભાઈ દરજી હાલ રહે. પંચવટી હોટલ પાલેજ તા.જી.ભરૂચ મુળ રહે. રણુજ રબારીવાસ તા.જી.પાટણનાઓ ના કબજામાંથી શંકાસ્પદ વિમલ પાન મસાલા તથા બુધાલાલ ,મિરાજ તમાકુ તથા અલગ અલગ બનાવટની બીડીનો કુલ્લ જથ્થો કિં રૂ ૩૫,૦૦૪/- નો બીલ આધાર પુરાવા વગરનો શંકાસ્પદ મળી આવતા કાયદેસર કાર્યવાહી કરી કબ્જે કરવામાં આવેલ છે. અને બંને ઈસમોની વધુ તપાસ અર્થે અટકાયત કરવામાં આવેલ છે. ઉપરોક્ત બંને બનાવ સંબંધે વધુ તપાસ હાથ ધરવામાં આવેલ છે.

ભરૂચ જિલ્લા સંકલન ફરિયાદ સમિતિની મળેલી બેઠક



ભરૂચ:(શનિવાર):- ભરૂચ જિલ્લા કલેક્ટરશ્રી રવિકુમાર અરોરાએ ભરૂચ શહેર-જિલ્લાવાસીઓના પ્રજાકીય કાયમી પ્રશ્નોની કરાતી રજૂઆતો ઉપરાંત જિલ્લાના લોક પ્રતિનિધિઓ તરફથી કરાતી લોકપ્રશ્નોની રજૂઆતોનો હકારાત્મક અભિગમ થકી કાયમી - ઝડપી અને સરળ ઉકેલ ધ્વારા પ્રજાજનોને લોકભિમૂખ વહિવટની પ્રતીતિ થાય તે દિશાના પ્રયાસો વધુ ઘનિષ્ઠ બનાવવા ઉપર ખાસ ભાર મૂક્યો છે.

સાંસદ સભ્યશ્રી મનસુખભાઈ વસાવા, વાગરાના ધારાસભ્યશ્રી અરૂણસિંહ રણા, ભરૂચના ધારાસભ્યશ્રી દુષ્યંતભાઈ પટેલ, જિલ્લા પોલીસ વડાશ્રી ચૂડાસમા, નિવાસી અધિક કલેક્ટરશ્રી આઈ.જે.માળી સહિત જિલ્લાના પ્રાંત અધિકારીશ્રીઓ અને વિવિધ વિભાગોના અમલીકરણ અધિકારીઓની ઉપસ્થિતિમાં આજે ભરૂચ કલેક્ટરાલય ખાતે યોજાયેલી જિલ્લા સંકલન સહ ફરિયાદ નિવારણ સમિતિ બેઠકને અધ્યક્ષસ્થાનેથી સંબોધતા જિલ્લા કલેક્ટરશ્રી રવિકુમાર અરોરાએ શરૂઆતમાં સાંસસભ્યશ્રી, ધારાસભ્યશ્રી ધ્વારા રજૂ થયેલ, સિંચાઈ, રસ્તા, પીવાના પાણી, દબાણ વગેરેને લગતાં પ્રશ્નોની અને પદાધિકારીઓ ધ્વારા રજૂ થયેલા પ્રશ્નોનું તાકીદે નિવારણ થાય તે દિશામાં કામગીરી કરવા અમલીકરણ અધિકારીશ્રીઓને સૂચના આપી હતી.

આ બેઠકમાં સરકારી વિભાગોના પડતર તુમાર નિકાલ, પડતર અવેઈટ કેસો, ગ્રામ સભાના પડતર કેસોના નિકાલ માટે સત્વરે જરૂરી કાર્યવાહી હાથ ધરવા સહિત નિવૃત સરકારી કર્મચારીઓના પેન્શન કેસ, ખાનગી અહેવાલ, ગ્રેજ્યુઈટી વગેરેની સમયસર ચૂકવણી ઉપરાંત સરકારી બાકી લેણાંની વસુલાત તથા સ્થાનિક ઉદ્યોગોમાં રોજગારી તેમજ સરકારી દબાણો દૂર કરવા વગેરે અંગે સમીક્ષા કરી હતી અને સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચના આપી હતી.

રેશનકાર્ડ માગવાની અદાવત રાખી હુમલો

સુરત

રેશનકાર્ડ માગવાની અદાવત રાખીન જમીન દલાલ પર લાકડાના ફટકા વડે હુમલીો કરી ડાબા હાથના ભાગે ઈજાઓ પહોંચાડી ફરાર થઇ ગયા હોવાની એક પોલીસ ફરિયાદ એક આરોપી સામે નોંધાઈ હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર અલથાણ-ભીમરાડ ગામના વડ ફળિયામા દિનેશ ભાણાભાઈ પટેલ રહે છે. તેઓ પોતે જમીન દલાલ છે. ગતરોજ ભીમરાડ ગામના રહેવાસી રજત અર્જુનભાઈ પટેલના પિતા અર્જુનભાઈ તેમના સગાભાઈ સાથે દિનેશ પટેલ પાસે રેશનડર્કા માગવા ગયા હતાં. જેની અદાવત રાખી અર્જુનભાઈના પુત્ર રજતે ઉશ્કેરાઈ જઈ લાકડાના ફટકા વડે ડાબા હાથ, ગળા તેમજ કપાળના ભાગે હુમલો કરી શરીરના ભાગે ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયો હતો.

ખડકી ખાતે સ્વચ્છતા ભારત યાત્રાનું સ્વાગત કરાશે

સુરત

૧૬ ઓક્ટોબર, ૨૦૧૮ થી શરૂ થયેલી સ્વચ્છ ભારત યાત્રા તા.૧૮મી નવેમ્બર, ૨૦૧૮ના રોજ વલસાડ જિલ્લામાં પ્રવેશ કરશે. આ યાત્રાના સ્વાગતનો કાર્યક્રમ જિલ્લા વહીવટીતંત્ર તેમજ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા હોટલ શ્રીનાથ, ને.હા.નં.૮, ખડકી ખાતે સવારે ૯-૦૦ કલાકે યોજાશે. આ યાત્રા ગુજરાતના ૧૨ જિલ્લાઓમાં ૨૪ દિવસ ફરી ૭૯૧ કિ.મી.નો સાયકલ પ્રવાસ કરશે. આ સમારોહના અધ્યક્ષસ્થાને સાંસદ ડો. કે.સી.પટેલ, તેમજ અતિથિ વિશેષ તરીકે જિલ્લા પંચાયત પ્રમુખ મણિલાલ પટેલ, ધારાસભ્યો સર્વે કનુભાઈ દેસાઈ, અરવિંદભાઈ પટેલ, ભરતભાઈ પટેલ હાજર રહેશે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી સાયકલયાત્રીઓને પ્રોત્સાહિત કરવા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

કામવાળીની દીકરી સાથે ઘર માલિકના અડપલા

સુરત

સુરત, કિશોરી સાથે અડપલાંના બનાવો પોલીસ ચોપડે નોંધાયો છે.

અહીં એક યુવકે બાળકીને ખેતરમાં લઈ જઈને દુષ્કર્મ કરવાનો -યાસ કર્યો હતો. સ્થાનિક લોકોએ યુવકને પકડી પાડ્?યો હતો. ગામ લોકોએ એવો આક્ષેપ કર્યો છે કે યુવકે દુષ્કર્મનો -યાસ નહીં પરંતુ દુષ્કર્મ ગુજાર્યું છે. જોકે, બાળકીના મેડિકલ પરીક્ષણ બાદ સાચી હકીકત સામે આવશે. બાળકી અટગામ નજીક એક સુરતમાં એક કિશોરી સાથે છેડતીનો બનાવ સામે આવ્યો છે. જેમાં ન્યૂ સિટીલાઇટ વિસ્તારમાં રહેતા એક વેપારીની ધરપકડ કરવામાં આવી છે. વેપારી તેની કામવાળીની પુત્રીને નોકરીને લાલચ આપીને તેની સાથે લઈ ગયો હતો. બાદમાં આભવા નજીક એક ખેતરમાં તેણે કાર ઉભી રાખીને કિશોરી સાથે અડપલાં કર્યા હતા. જોકે, આ સમયે કિશોરીએ બૂમાબૂમ કરી દેતા વેપારી ત્યાંથી ભાગી ગયો હતો. કિશોરીએ આ અંગે ખટોદરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

જૈશ-એ-મોહમ્મદની ગુપ્તચર એજન્સીને વોટ્સએપ દ્વારા ધમકી, દિલ્હીમાં હાઇ એલર્ટ

ન્યુ દિલ્હી

ગુપ્તચર એજન્સીને એક વ્હોટ્સએપ ગ્રુપમાં મેસેજ મળ્યા બાદ રાજધાની નવી દિલ્હી ખાતે હાઈએલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. માનવામાં આવે છે કે આ વ્હોટ્સએપ ગ્રુપ આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદ તરફથી ચલાવવામાં આવે છે. તેમાં જમ્મુ-કાશ્મીરમાં ગત મહીને એક કમાન્ડરની હત્યાનો બદલો લેવા માટે દિલ્હીના સંવેદનશીલ ઠેકાણા પર આતંકી હુમલાની વાત કહેવામાં આવી છે.

ઈન્ટેલિજન્સ બ્યૂરોએ ૧૩ નવેમ્બરનો એક પત્ર જાહેર કરતા ઈન્ટેલિજન્સ વિંગને કહ્યુ છે કે આ વ્હોટ્સએપ મેસેજને જોતા ઈન્ટેલિજન્સને સક્રિય રાખવામાં આવે અને હાઈએલર્ટ પણ ચાલુ રાખવામાં આવે. એ અખબારે પોતાની પાસે પત્રની નકલ હોવાનું જણાવીને તેને ટાંકીને જણાવ્યું છે કે પાકિસ્તાની નાગરિક અમીર હમજા તરફથી સર્કુલેટ કરવામાં આવેલા મેસેજ પ્રમાણે

વ્હોટ્સએપ ગ્રુપ જૈશ કમ્યુનિકેશન સેન્ટરમાં ૩૦ ઓક્ટોબરે પુલવામાના ત્રાલમાં કમાન્ડર ઉસ્માન ઉર્ફે હુજૈફાની હત્યાનો બદલો લેવા માટે જૈશ-એ-મોહમ્મદ દિલ્હીમાં સુરક્ષા પ્રતિષ્ઠાનો પર હુમલાની યોજના બનાવી રહ્યું છે. આ પત્રમાં કહેવામાં આવ્યું છે કે હમજાનો દાવો છે કે તે પાકિસ્તાનના કરાચીમાં જૈશ-એ-મોહમ્મદની સ્ટૂડન્ટ વિંગ તાલબલ મુરાબિટૂનનો હિસ્સો છે. દક્ષિણ કાશ્મીરના ત્રાલમાં ત્રીસમી ઓક્ટોબરે સુરક્ષાદળો સાથેની અથડામણમાં જૈશ-એ-મોહ્મદના બે આતંકીઓ ઠાર થયા હતા. માનવામાં આવે છે કે આમાનો એક આતંકવાદી જૈશ-એ-મોહમ્મદના ચીફ મૌલાના મસૂદ અઝહરનો ભત્રીજો ઉસ્માન હતો. આ ધમકીને જોતા સીઆઈએસએફ, એનએસજી, આરપીએફ અને દિલ્હી પોલીસને પત્ર મોકલવામાં આવ્યો છે.

વાહન વ્યવહાર કમિશનરની કચેરી, ગાંધીનગર દ્વારા વિશ્વ સંભારણા દિવસની ત્રિદિવસીય ઉજવણી કરાશે

દર વર્ષના નવેમ્બર માસનો ત્રીજો રવિવાર વિશ્વ સંભારણા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. માર્ગ અકસ્માતમાં ઘાયલ થયેલા અને મૃત્યુ પામેલાને યાદ કરવાનો આ દિવસ છે. રસ્તાઓ ઉપરની ઈજાઓ ખૂબ જ પ્રાણઘાતક બની રહે છે અને તેની અસરો ખૂબ જ લાંબા સમય સુધી જોવા મળે છે. જ્યારે માર્ગ અકસ્માતમાં કોઈ વ્યક્તિ ઈજાગ્રસ્ત બને છે ત્યારે મોટાભાગના કિસ્સાઓમાં તેની ઈજાઓ કાયમી હોય છે. દર વર્ષે વિશ્વમાં ખૂબ જ મોટી સંખ્યામાં માર્ગ અકસ્માતમાં લોકો ઘાયલ થાય છે અથવા મૃત્યુ પામે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે વિશ્વમાં સૌપ્રથમ વખત વર્ષ-૧૯૯૫માં યુરોપિયન દેશોમાં આ દિવસ મનાવવામાં આવ્યો હતો અને માર્ગ અકસ્માતનો ભોગ બનેલા ઘાયલો અને મૃતકોના સ્વજનો તરફથી ખૂબ જ સંવેદનશીલ મેસેજ વૈશ્વિક જનસમૂહ સમક્ષ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. જેના વિધ્યાત્મક પ્રતિભાવ સ્વરૂપે, રાષ્ટ્રસંઘની સામાન્ય સભામાં The appropriate acknowledgement fro victims of road traffic crashes and their familyes તરીકે નવેમ્બર માસના ત્રીજા રવિવારે મનાવવાનું નક્કી કરાયું હતું.એ પણ હકીકત છે કે માર્ગ અકસ્માતમાં ઘાયલ થનાર કે મૃત્યુ પામનારમાં યુવાવર્ગ ખૂબ જ મોટા પ્રમાણમાં છે. માર્ગ અકસ્માતનો ભોગ બનનાર ઘાયલો અને મૃતકોના સ્વજનો તરફથી આ દિવસ નિમિત્તે વિશ્વને માર્ગ સલામતીની સંવેદનશિલતા અને જાગૃતિ માટેનો એક સંવેદનશીલ સંદેશો આપવામાં આવે છે. માર્ગ સલામતી અંગે સાવચેત

૧૮ નવેમ્બર સમગ્ર વિશ્વમાં માર્ગ અકસ્માતમાં ઘાયલ, મૃત્યુ પામેલાને યાદ કરવાનો દિવસ એટલે 'વિશ્વ સંભારણા દિવસ'

રહો, સાવધ રહો. એક નાની સરખી ભૂલ આપના જીવનને બદલી નાખે છે અથવા સમાપ્ત કરી નાખે છે. આ મતલબનો સંદેશો પાઠવવામાં આવે છે. આ સંદેશા દ્વારા એવો પણ મેસેજ સમગ્ર વિશ્વને પાઠવવામાં આવે છે કે રસ્તા ઉપરના મૃત્યુ અને ઈજાઓની અસર અને તે માટેની તાત્કાલિક જરૂરિયાતોને પ્રદર્શિત કરવાની તક આપતો આ દિવસ છે.

અકસ્માતના અનેકવિધ કારણોમાં માર્ગ અકસ્માત ખૂબ જ અગત્યનું કારણ છે. માર્ગ અકસ્માત કોઈ પણ કારણોસર થાય પણ તેના પરિણામો હંમેશા દુઃખદ અને ગમગીન જ હોય છે તેમાં આનંદને સ્થાન નથી. માર્ગ અકસ્માતનો ભોગ બનનાર કોઈ પણ આબાલવૃદ્ધ જ્યારે દિવ્યાંગ બને છે અથવા પોતાની અમૂલ્ય જિંદગી ગુમાવે છે ત્યારે તેના સ્વજનો માટે આ કારમી ઘટના ખૂબ જ દુખદ બને છે.આજે આપણા દેશમાં અને રાજયમાં વાહનોનો દિનપ્રતિદિન વધારો થતો જાય છે ત્યારે આપણે સહુએ અંતઃકરણપૂર્વક માર્ગ સલામતિના નિયમોને પાળવાની અને તેના સાચા અર્થમાં અમલમાં મૂકવાની તાતી આવશ્યકતા છે. હેલ્મેટ અને સીટબેલ્ટ પહેર્યા વિના વાહન નહીં ચલાવવાનું અને વધુ ઝડપે વાહન નહીં ચલાવવાના શપથ લેવા જોઈએ. માર્ગ ઉપરના સલામતી ચિહ્નોને ઓળખી અને તેને અમલમાં મૂકવાની જરૂર છે. જાહેર પરિવહન સેવાનો મહત્તમ ઉપયોગ કરવાની પણ આવશ્યકતા છે .

વાહન વ્યવહાર કમિશનરની કચેરી, ગાંધીનગર દ્વારા વિશ્વ સંભારણા દિવસની ત્રિદિવસીય ઉજવણી કરવાનું આયોજન કરાયુ છે જેમાં સમગ્ર રાજયમાં જનજાગૃતિના કાર્યક્રમો યોજવામાં આવશે તેમ વાહન વ્યવહાર કમિશનરની કચેરીની યાદીમાં જણાવાયું છે .

ભારતીય ચૂંટણી પંચ દ્વારા લોકસભા-વિધાનસભાની ચૂંટણીમાં ઉમેદવારી પત્ર સાથે રજૂ કરવાના નમૂનામાં ફેરફાર કરાયા

ઉમેદવારોએ ફોજદારી કેસો, મિલકત, દેવું, જવાબદારી તથા શૈક્ષણિક લાયકાતની વિગતો સાથે સોગંદનામું રજૂ કરવાનું રહેશે

ભારતીય ચૂંટણી પંચ દ્વારા નામદાર સર્વોચ્ચ અદાલતના ચૂકાદાને અનુલક્ષીને લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ દરમિયાન ઉમેદવારોએ ઉમેદવારી પત્રની સાથે રજૂ કરવાના સોગંદનામાના નમૂના (ફોર્મ નં-૨૬)માં સુધારા-ફેરફાર કરવામાં આવ્યા છે. જેમાં ઉમેદવારોએ તેઓની સામેના ફોજદારી કેસો, મિલકત દેવું, જવાબદારી તથા શૈક્ષણિક લાયકાતની માહિતી દર્શાવતું સોગંદનામું હવે પછીની લોકસભા અને વિધાનસભાની તમામ ચૂંટણીઓમાં સુધારેલા નમૂના પ્રમાણે જ ફોર્મ નં.-૨૬માં રજૂ કરવાનું રહેશે તેમ, રાજયના મુખ્ય નિર્વાચન અધિકારી ડૉ. એસ.મુરલીકિષ્ણાની અખબારી યાદીમાં જણાવાયું છે.

સર્વોચ્ચ અદાલતના ચૂકાદાને ધ્યાને રાખીને ભારતના ચૂંટણી પંચ દ્વારા વધુમાં જણાવવામાં આવે છે કે, જે ઉમેદવારો સામે ફોજદારી કેસો પડતર હોય કે ભૂતકાળમાં કોઈ કેસ સંદર્ભે સજા થઈ હોય તેવા ઉમેદવારોએ આ કેસોની વિગતો બહોળી પ્રસિદ્ધિ સારૂ જે-તે મતક્ષેત્ર વિસ્તારના બહોળો ફેલાવો ધરાવતા સમાચાર પત્રમાં પ્રસિદ્ધ કરવી પડશે. નામાંકન પાછું ખેંચવાની છેલ્લી તારીખથી માંડી ચૂંટણીના બે દિવસ પૂર્વેના સમયગાળામાં ઓછામાં ઓછી ત્રણ અલગ-અલગ તારીખોએ આવી પ્રસિદ્ધિ કરવી પડશે. જે ઉમેદવારો સામે ફોજદારી કેસો હોય તેઓએ ટીવી ચેનલો ઉપર પણ નિયત સમયગાળા દરમિયાન ત્રણ અલગ-અલગ દિવસોએ તે અંગેની પ્રસિદ્ધિ કરવાની રહેશે. આવા ઉમેદવારોએ જે સમાચાર પત્રોમાં આ અંગેની પ્રસિદ્ધિ કરી હોય તેની નકલો જિલ્લા ચૂંટણી અધિકારીને ચૂંટણી ખર્ચના હિસાબોની સાથે રજૂ કરવાની રહેશે.

આ ઉપરાંત રાજકીય પક્ષો દ્વારા ઉભા રાખવામાં આવેલ ઉમેદવારોએ તેમની સામેના ફોજદારી કેસોની જાણ રાજકીય પક્ષને કરી હોવાની ચૂંટણી અધિકારી સમક્ષ જાહેરાત કરવાની રહેશે. જે રાજકીય પક્ષો (માન્ય પક્ષો અને નોંધાયેલ બિનમાન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષો)એ જેની સામે ફોજદારી કેસો પડતર હોય કે ભૂતકાળમાં તેવા કેસોમાં સજા થઈ હોય તેવા ઉમેદવારોને ઉભા રાખ્યા હોય તે પક્ષોએ પણ તે અંગેની જાહેરાત પોતાની વેબસાઈટ ઉપર તેમજ ટીવી ચેનલો અને રાજયમાં બહોળો ફેલાવો ધરાવતા પ્રચલિત સમાચારપત્રોમાં કરવાની રહેશે. અલબત, ટી.વી. ચેનલોમાં પ્રસારણ કરતી વખતે આવી જાહેરાત રાજકિય પ્રચાર-પ્રસાર માટેના પ્રતિબંધિત સમયગાળા એટલે કે મતદાન સમાપ્તિના છેલ્લા કલાક પૂર્વેના ૪૮ કલાક દરમિયાન ન કરવામાં આવે તેની તકેદારી પણ રાખવાની રહેશે.

સુધારેલ નમૂનાની નકલ ભારતના ચૂંટણી આયોગની વેબસાઈટ ઉપર તેમજ જિલ્લા ચૂંટણી અધિકારી તથા ચૂંટણી અધિકારીની કચેરીમાં પણ ઉપલબ્ધ થશે, જેની નોંધ લેવા દરેક રાજકીય પક્ષો અને જાહેર જનતાને મુખ્ય નિર્વાચન અધિકારીની યાદીમાં અનુરોધ કરવામાં આવ્યો છે.

૧૯ વર્ષ બાદ અકસ્માતમાં મુત્યુ પામનારના પરિવારને મળશે ન્યાય

૪૫ લાખનું વળતર ચૂકવવા હાઈકોર્ટનો આદેશ

ભુજ કચ્છ : ૨૯/૯/૧૯૯૯ના મમુઆરા થી કુકમા તરફ જતી મોટરસાયકલ સાથે ટ્રક અથડાતાં મોટર સાઈકલ ચાલક હરીશભાઈ શાંતિલાલ પરમાર (ઉ.વ.૩૪)નું મુત્યુ થવાથી તેમના વારસો જાગૃતિબેન એચ. પરમારના વળતરના રૂ.૩૫,૦૦,૦૦૦ મળવા કરેલ વળતરની અરજીમાં મોટર એક્સિડન્ટસ કલેઇમ્સ ટ્રિબ્યુનલ ના સભ્ય સી.એસ.અધ્યારૂ એ ટ્રક ચાલકની બેદરકારી ઠરાવી રૂ.૪,૬૫,૫૦૦ દાવા ખર્ચ અને વ્યાજ સહિત મંજૂર કર્યા હતા,આ માટે ભુજ કોર્ટ થી લઈને છેક અમદાવાદ હાઈકોર્ટ સુધી ન્યાય મેળવવા માટે જવું પડ્યું હતું. કુકમામાં કેબલ,ચા,શેરડીનો વ્યવસાય કરનાર હરીશ શાંતિલાલ પરમાર તા.૨૯/૦૯/૧૯૯૯ના રોજ મમુઆરા થી કુકમા તરફ જતા માર્ગ પર અકસ્માતમાં મુત્યુ થાય હતું.,મૃતકના પરિવારએ ટ્રક ડ્રાઈવર,ટ્રક માલિક,વીમા કંપની સામે કરેલા દાવામાં લાંબા ગાળાના કાનૂની જગ બાદ આ રકમ વ્યાજસહિત મૃતક પરિવારને મળશે.આથી અગાઉ મોટર એક્સિડન્ટસ કલેઇમ્સ ટ્રિબ્યુનલે આવકવેરો ન ભરતા હોવાથી માસિક ફક્ત આવક રૂ.૩૦૦૦ હોય તેમ ગણીને તેમના પરિવારને રૂ.૪,૬૫,૫૦૦ ચૂકવા હુકમ કર્યો હતો.આ કેસ લડતા નામંકિક ધારાશાત્રી શંકરભાઇ સચદે અને હાઈકોર્ટના ધારાશાત્રી હેમલ એલ. શાહે હાઈકોર્ટમાં ડંકો વગાડ્યો હતો. નામદાર હાઈકોર્ટે જણાવેલ છે કે એ વાત ખરી છે કે મૃતક ઈન્કમટેક્સ રિટર્ન ફાઈલ કરતા ન હતા. પરંતુ મૃતક ઈન્કમટેક્સ રિટર્ન ફાઈલ કરતા ન હોવાના કારણસર અરજદારોએ રજુ કરેલ સંખ્યાબંધ દસ્તાવેજી પુરાવો નજર અંદાજ કરી શકાય નહિ તેમ ઠરાવી નામદાર હાઈકોર્ટેએ આવકમાં ૪૦% વધારો લક્ષમાં લઈ ભવિષ્યની માસિક આવક રૂ.૧૭,૫૦૦ મુકર કરી વળતરના રૂ.૨૩,૬૦,૦૦૦ દાવા ખર્ચ તથા અરજીની તારીખથી ચડત વ્યાજ સહિત અરજદારોને ચૂકવી આપવા ટ્રક ચાલક,ટ્રક માલીક તથા વીમા કંપની સામે હુકમ કરતા અરજદારોએ વધારાના રૂ.૪૫,૩૦,૯૩૨ જમા કરાવી આપવા કંપનીને નોટિસ બજાવેલ છે.

દહેજની કંપનીમાં માચડા ઉપરથી ૬ કામદારો નીચે પટકાતા ૩ કામદરો ગંભીર







દહેજ ખાતે આવેલ GFL કંપનીના લેયર કોન્ટ્રાકટમાં કામ કરતા ૬ કામદારો ૧૮ ફૂટની ઊંચાઇએથી પટકાતા ઘાયલ થયા હતા.જેમને તાત્કાલિક સારવાર હેઠળ ભરૂચની ખાનગી હોસ્પિટલ ખસેડાયા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર દહેજની GFL કંપનીમાં લેબર કોન્ટ્રાકટમાં કામ કરતા ૯ જેટલા કામદારો કંપનીમાં કામ અર્થે બાંધેલ માંચડા ઉપર (સ્કેફોલ્ડર) છોડવાની કામગીરી કરી રહ્યા હતા.તે દરમિયાન એકાએક માંચડો પલ્ટી મારતા માંચડા પરથી ૬ કામદારો ૧૮ મીટરની ઊંચાઇએથી નીચે પટકાયા હતા.જેમાં ત્રણ લોકોને સામાન્ય ઈજાઓ પહોંચી હતી.જ્યારે અન્ય ત્રણ રામલાલ રાય, રામ કિશોર કુમાર અને કમલેશ્વર રામ નામના કામદારને ગંભીર ઈજાઓ પહોંચી હતી જેમને તાત્કાલિક સારવાર અર્થે ભરૂચની ખાનગી હોસ્પીટલમાં ખસેડાયા હતા.બનાવ સંદર્ભે દહેજ પોલીસે ફરિયાદ નોંધવાની કવાયત હાથ ધરી છે.

નર્મદા અને સ્ટેચ્યુના ૩૫૦ના પેકેજમાં રિવરબેડ પાવરહાઉસ બાકાત રખાતા પ્રવાસીઓ નારાજ

૩૫૦ ના સ્લોટ પ્રમાણે જે તંત્ર દ્વારા જાહેરાત કરી પણ પ્રવાસીઓ ને રિવરબેડ પાવર હાઉસ દેખાડવા અંદર લઈ જવામાં આવતા નથી

એસ્કેલેટર અને ટ્રાવેલેટર વારંવાર બંધ કરી દેવાતા પ્રવાસીઓ અને સિનિયર સિટિજનો ને મુશ્કેલી પડી

રાજપીપળા : નર્મદા બંધ સ્થળ પર અને સ્ટેચ્યુ ઓફ યુનિટી પર પ્રવાસીઓની અવર જવર વધી રહી છે ત્યારે નર્મદા નિગમ અને સરદાર વલ્લભભાઈ પટેલ સ્મારક સમિતિ દ્વારા પ્રવાસીઓને ખુલ્લે આમ છેતરવામાં આવી રહ્યા છે જેમાં પીઆરઓ કચેરી પર મોટા મોટા બેનરો મારીને સ્લોટ સિસ્ટમ ની માહિતી આપવામાં આવે છે અને જેમાં ૩૫૦ માં જીપ, લાવર ઓફ વેલી, ફૂડ કોર્ટ, રિવરબેડ પાવર હાઉસ, સહીત નું પેકેજ માં નક્કી કરવાનું લખવામાં આવ્યું છે. પણ બસ રિવરબેડ માં જતી નથી અને બતાવવા માં આવતી નથી જ્યારે નર્મદા ડેમ પર પ્રવાસીઓ જોવા આવતા ત્યારે પણ રિવરબેડ પાવર હાઉસ માટે ઘણી પોલીસ સાથે અને પીઆરઓ કચેરી સાથે ઘર્ષણ થતું હતું આજે સ્ટેચ્યુ પછી મહત્વનું સ્થળ રિવરબેડ પાવર હાઉસ છે ત્યારે પ્રવસીઓ ૩૫૦ ખર્ચે છે તો કેમ આ સ્થળ દેખાડવામાં આવતું નથી જે બાબતે અનેક પ્રવાસીઓ માં રોષ જોવા મળી રહ્યો છે સ્થાનિક અધિકારીઓ ને રજૂઆત કરી રહ્યા છે પણ કોઈ બોલવા તૈયાર નથી.

બીજીબાજુ હાલ પ્રવસીઓની આવક ચાલુ છે ભારતભરમાંથી વિવિધ રાજ્યો માંથી પ્રવાસીઓ અહીયા આવે છે અને ઉંચી ફી પણ લેવામાં આવે છે. ત્યારે સ્ટેચ્યુ ઓફ યુનિટી ના સ્થળો પર જે એસ્કેલેટર અને ટ્રાવેલેટર મુકવામાં આવ્યા છે જે છાસ વારે એક પછી તંત્ર દ્વારા બંધ કરી દેવાય છે કોઈ વાર ચઢાવાની સીડી બંધ કરી દેવાયા છે જ્યારે કોઈક વાર ઉતરવાની એસ્કેલેટર ની સીડી બંધ કરી દેવાય છે જેથી પ્રવસીઓએ બંધ એસ્કેલેટર ની સીડી પર થી ચાલીને ઉતરવું પડે છે. જેમાં સિનિયર સિટીજન પ્રવાસીઓને ખુબ મુશ્કેલી પડે છે. જેથી નિયમિત ચાલુ રહે એવી માંગ ઉઠી છે.

વરલી મટકાના આંક ફરકનો જુગાર રમડતા ઈસમને ઝડપી પાડતી પશ્ચિમ કચ્છ-ભુજ એલ.સી.બી.

ભુજ કચ્છ: આજરોજ શ્રી એમ.એસ.ભરાડા પોલીસ અધિક્ષક પશ્ચિમ કચ્છ ભુજનાઓની સુચનાથી અને શ્રી એમ.બી.ઔસુરા ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર એલ.સી.બી.,પશ્ચિમ કચ્છ-ભુજનાઓના તથા શ્રી એચ.એસ.તિવારી પો.સબ ઈન્સ્પેકટર એલ.સી.બી.,પશ્ચિમ કચ્છ-ભુજનાઓના માર્ગદર્શન હેઠળ ભુજ ટાઉનમાં દારુ તેમજ જુગારની બદી રોકવા તેમજ સફળ કેસો શોધી કાઢવા એલ.સી.બી. પશ્ચિમ કચ્છ ભુજની એક ટીમ ભુજ શહેર વિસ્તારમાં પેટ્રોલીગમાં હતી દરમ્યાન મળેલ બાતમી હકીકત આધારે હરેશ વજેશંકર ત્રીવેદી ઉ.વ.૫૭ રહે.ડાંડાં બઝાર રાજગોર ફળીયુ નુરાની હોટલ પાછળ ભુજ કચ્છ વાળો જાહેરમાં ગે.કા.રીતે પોતાના અંગત ફાયદા સારુ જુદા જુદા વ્યક્તિઓ પાસેથી વરલી મટકાના આંક ફરકના આંકડા લખી રુપીયા લઈ જુગાર રમી રમાડતો વરલી મટકાના સાહિત્ય લખેલ નોટબુક તથા બોલપેન કિ.રૂ.૦૦/૦૦ની તેમજ મોબાઈલ ફોન નંગ-કિ.રુ.૧૦૦૦/- ના તેમજ રોકડ રૂ.૩૨૧૦/- સાથે રેડ દરમ્યાન મળી આવતા મજકુરને પકડી ભુજ શહેર એ ડીવીજન પો.સ્ટે.માં ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી માટે આરોપી તેમજ મુદ્દામાલ ભુજ શહેર એ ડીવીજન પો.સ્ટે.ને સોંપી આપેલ છે.

નર્મદા માં બે જુગારધામો પર પોલીસે રેડ કરતા ફક્ત ત્રણ આરોપી ઝડપાયા જ્યારે છ આરોપી ફરાર

ડેડીયાપાડા ના સેજપુર બસ સ્ટેન્ડ પાસે ની દુકાનમાં અને નવા વાઘપુરા બસ સ્ટેડ પાછળ ના ખેતર માં ચાલતા જુગાર માં કુલ રૂપિયા ૧૫,૧૩૦/- ના મુદ્દામાલ સાથે પોલીસે ત્રણ ની અટક કર જ્યારે અય છ ફરાર ની શોધખોળ ચાલુ કરી

રાજપીપળા:નર્મદા જિલ્લા માં દારૂ જુગાર બાબતે જિલ્લા પોલીસ વડા બહુ કડક છે પરંતુ ક્યાંક કોઈ કારણોસર અમુક જગ્યા એ આ બદી હજુ યથાવત જણાય છે જેમાં ગતરોજ ડેડીયાપાડા તાલુકાના સેજપુર ગામના બસ સ્ટેન્ડ પાસેની દુકાનમાં પોલીસે બાતમીના આધારે રેડ કરતા જુગાર ના સાહિત્ય મોબાઈલ અને રોકડ મળી કુલ રૂપિયા ૨૯૨૦/- નો મુદ્દામાલ કબ્જે કરી ત્રણ જુગારીયા પૈકી મનોજ ભાવસીંગ વસાવા , પયો ઉર્ફે આસિફ અશરફ મોગલ અને સુરેશ નામનો વ્યક્તિ મળી ત્રણ પૈકી મનોજ વસાવા પોલીસ ને હાથ લાગ્યો જ્યારે અન્ય બે ફરાર થયા હતા જ્યારે અન્ય એક ગુનો રાજપીપળા પોલીસ માં નોંધાયો જેમાં નાવવાઘપુરા ગામના બસ સ્ટેન્ડ પાછળના ખેતર માં જુગાર ની બાતમી મળતા રેડ કરી જ્યાં અંગઝડતી ના રૂપિયા ૭૨૪૦/- ,દાવ પરના રૂપિયા ૪૪૯૦/- અને મોબાઈલ સહીત કુલ રૂપિયા ૧૨૨૩૦/-ના મુદ્દામાલ સાથે કુલ છ જુગારીયા પૈકી બે ઝડપાયા જ્યારે અન્ય ચાર નાશી છૂટ્યા હતા આમ નર્મદા માં બે જુગારધામો પર પોલીસ રેડ માં કુલ ૧૫,૧૫૦/- રૂપિયા નો મુદ્દામાલ જપ્ત કરી નવ આરોપી પૈકી ફક્ત ત્રણજ પોલીસ ના હાથ લાગ્યા જ્યારે છ ફરાર થઈ જતા શોધખોળ શરુ કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

વડોદરા આર.આર સેલે સેલંબામાં જુગાર ધામ ઝડપી પડતા તેના પ્રત્યાઘાતો ગાંધીનગરમાં પડ્યા, નર્મદાનું સાગબારા પોલીસ સ્ટેશન શંકાના દાયરામાં

વડોદરા રેન્જ આઈજીપી અભય ચુડાસમાની સીધી સૂચનાથી આર.આર સેલે સાગબારાના સેલંબામાં રેડ પાડી, બોર્ડર પરથી કેટલી વિદેશી દારૂ ભરેલી ગાડીઓ પસાર થતી હશે એ અંગે શંકા કુશંકા, વડીકચેરી એ થી તપાસ ના દોર શરૂ

રાજપીપળા : નર્મદા જિલ્લા પોલીસ વડા મહેન્દ્ર બગડીયા એ થોડા સમય પહેલા પોલીસ અધિકારીઓની મીઠી નજર હેઠળ નર્મદા જિલ્લામાં દારૂ-જુગારના અડ્ડાઓ કાર્યરત હોવા બાબતનો એક પત્ર બહાર પાડ્યો હતો.એ બાદ નર્મદા જિલ્લા પોલીસના વિવિધ વિભાગોમાં ધરખમ ફેરફારો પણ કરવામાં આવ્યા હતા. નર્મદા જિલ્લા પોલીસ વડાના કડક વલણ બાદ એકંદરે રાજપીપળા સહિત જિલ્લાના અમુક વિસ્તારોમાં દારૂ-જુગાર અને અસામાજિક પ્રવૃત્તિઓાં રોક જરૂર લાગી હતી. પણ સમય જતા આધિકારીઓ ની મીઠી નજર બુટલેગરો પર વધતા જે બાબતની રેન્જ આઈજી વિભાગ માં ખબર પડી અને થાનિક પોલીસ સ્ટેશન કઈ ના કરી શયું એટલે વિજિલન્સ ની ટીમે રેડ કરી મોટુ જુગારધામ ઝડપી પાડ્યું ત્યારે સવાલ એ ઉભો થાય કે આ જુગારધામ કોની રહેમ હેઠળ ચાલતુ હશે, શું સાગબારા પોલીસ ઉંઘતી હતી કે અંજાન હોવાનો ડોળ કરાયો એ તપાસ નો વિષય છે ત્યારે આવી અનેક બાબતો સાગબારા પોલીસ પર શંકાની સોય તાકી રહી છે હવે ગાંધીનગર ની ટીમો એ આ બાબતે તપાસ હાથ ધરાતા નર્મદા જિલ્લા પોલીસ અધિકારીઓ માં ફાફળાટ ફેલાયો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ચોક્કસ બાતમીને આધારે વડોદરા આર.આર સેલે વડોદરા રેન્જ આઈજીપી અભય ચુડાસમા ની સીધી સૂચનાથી નર્મદા જિલ્લા સાગબારા તાલુકાના સેલંબામાં અચાનક રેડ પાડી હતી.દરમિયાન ૧૦ જેટલા ઈસમોને ઝડપી ૧૯,૫૦૦ રોકડા અને કુલ ૧.૩૯ લાખનો મુદ્દામાલ ઝડપાઇ જતા સાગબારા પોલીસને ઊંઘતી ઝડપી ત્યારે સવાલ એક એવો થાય કે શું આબાબત ની જાણ ખરેખર સાગબારા પોલીસને નહિ હોય, જો તેમની રહેમ નજર હોય તોજ ફરિયાદ રેન્જ આઈજી સુધી જાય, આમ બોર્ડર નો જિલ્લો હોય અને જો બુટલેગરો ને છૂટો દોર મળે તો રૂપાણી સરકારની દારૂના કડક કાયદાની એસી તેસી થઈ જાય છે ,જે હોય તે પણ હાલ સાગબારા પોલીસ મથક શંકાના દાયરામાં આવતા તપાસ ના દોર શરૂ થયા છે.એમાં કોની કોની વિકેટ પડશે એ જોવું રહ્યું .

વડતાલમાં સ્વામીનારાયણ સંસ્થાન દ્વારા

રૂ.૨૩૬ લાખના ખર્ચે નવનિર્મિત વડતાલ ધામ બસ સ્ટેશનનું મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણ થશે

વડતાલ ધામમાં દર્શનાર્થે આવતા યાત્રાળુઓ તથા મુસાફરોની સુવિધામાં વધારો થશે



નડિયાદ: સુપ્રસિધ્ધ યાત્રાધામ વડતાલ ખાતે યાત્રિકો તથા મુસાફરોની સુવિધા માટે શ્રી સ્વામીનારાયણ મંદિર વડતાલ સંસ્થાન દ્વારા વડતાલ ખાતે અંદાજે રૂા.૨૩૬ લાખના ખર્ચે નવનિર્મિત થયેલ અત્યાધુનિક વડતાલ બસ સ્ટેશનનું મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી દેવદિવાળીના પાવન દિન તા.૨૩-૧૧-૨૦૧૮ ના સવારે ૯.૦૦ કલાકે લોકાર્પણ કરશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૪૩૫૦ ચો.મી. જમીન વિસ્તારના પૈકી ૬૫૫.૪૨ ચો.મી. વિસ્તારમાં અત્યાધુનિક બસ સ્ટેશનનું બાંધકામ કરવામાં આવ્યું છે. આ નવીન બસ સ્ટેશનમાં પાંચ પ્લેટફોર્મ, મુસાફરો માટે બેઠક વ્યવસ્થાનો સાથેનો વેઇટીંગ હોલ, ટીકીટ/બારી ઓફિસ, બુકીંગરૂમ, ડ્રાઇવર-કંડક્ટર રેસ્ટ રૂમ, ટ્રાફિક કંટ્રોલ રૂમ, કેન્ટીંગ, વોટર રૂમ, પાર્સલ રૂમ, મહિલા તથા પુરૂષો માટે અલાયદી શૌચાલય સહિત દિવ્યાંગ વ્યક્તિઓ માટે ખાસ પ્રકારના શૌચાલય તથા રેમ્પની સુવિધા ઉભી કરવામાં આવી છે. શ્રી સ્વામીનારાયણ વડતાલ ધામમાં નવનિર્મિત બસ સ્ટેશનથી મંદિરમાં દર્શનાર્થે આવતા યાત્રાળુઓ તેમજ મુસાફરોની પરિવહન સેવામાં વધારો થશે. આ અવસરે સ્વામીનારાયણ સંપ્રદાયના સંતો મહંતો, મુખ્ય દંડક પંકજભાઇ દેસાઇ, સાંસદ દેવુંસિંહ ચૌહાણ, ધારાસભ્યો, પદાધિકારીઓ તેમજ મહાનુભાવો હાજર રહેશે.

દક્ષિણ ગુજરાતમાં ઠંડીનું પ્રમાણ યથાવત : નવસારીમાં ૧૩ ડિગ્રી

સુરત અને વલસાડમાં પણ ગઈકાલે જેટલું તાપમાન નોંધાયું

સુરત

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં છેલ્લા બે - ત્રણ દિવસથી તાપમાનમાં નજીવા ઘટાડા સાથે ઠંડીનો ચમકારો વધી રહ્યો છે. આજે સતત બીજા દિવસે નવસારીમાં ન્યુનત્તમ તાપમાન ૧૩ ડિગ્રી નોંધાવા સાથે ઠંડી યથાવત રહી છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વરા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકત્તમ તાપમાન ૩૫.૬ ડિગ્રી અને ન્યુનત્તમ તાપમાન ૧૯.૪ ડિગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૭૨ ટકા અને હવાનું દબાણ ૧૦૧૪ મીલીબાર નોંધાયું છે. શહેરમાં સવારથી ઉત્તર દિશાનો કલાકના ૨ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે. ગતરોજની સરખામણીએ આજે અધિકત્તમ અને ન્યુનત્તમ તાપમાનમાં નજીવો ઘટાડો નોંધાયો છે. રાત્રિના સમયે તેમજ મળસ્કે ઠંડો પવન ફૂંકાતા ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે.

નવસારી હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકત્તમ તાપમાન ૩૪ ડિગ્રી અને ન્યુનત્તમ તાપમાન ૧૩ ડિગ્રી નોંધાયું છે. સતત બીજા દિવસે ઠંડી યથવાત રહેતા શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં ધીરે ધીરે શિયાળો જામી રહ્યો છે.

વલસાડ હવામાન વિભાગની કચેરી દ્વારા મળતી માહિતી મુજબ આજે ન્યુનત્તમ તાપમાન ૧૫ ડિગરી નોંધાયું છે. જે ગતરોજ ૧૭ ડિગ્રી નોંધાયું હતું. વલસાડ જિલ્લામાં પણ સાંજ થતા જ ઠંડો પવન ફૂંકાવાની સાથે ફુલગુલાબી ઠંડીનો અનુભવ થાય છે.